



નેકનામદાર દરબાર શ્રી સૂરજમલજી જોરાવરસિંહજી દેસાઈ

(ચીફ ઓફ પાટડી)

(ઈ.સ. ૧૮૮૪ થી ઈ.સ. ૧૯૧૩)



DARBAR SHRI PATDI

“યતો ધર્મ સ્તતો જયઃ”




દરબાર શ્રી કર્ણિસિંહજી કિસનસિંહજી દેસાઈ

(ચીફ ઓફ પાટડી)

<u>અર્પણ પત્રિકા</u>

સ્વસ્થાન શ્રી પાટડીના નેક નામદાર મરહુમ દરબાર શ્રી સૂરજમલજી સાહેબ બહાદુરને પાટડીનો પ્રભાકર અથવા સૂર્યવિરહ બત્રિશી રચી પ્રસિધ્ધ કરનાર ગઢવી કાળીદાસ ગરમેરભાઈ, પાટડીના રાજ્યકવિ તથા શ્રીમનહર પ્રિન્ટીંગ પ્રેસ વાળા મોતીલાલ ગણપતરામભાઈનો પાટડી સ્ટેટના હાલના દરબાર શ્રી કર્ણિસિંહજી કિસનસિંહજી દેસાઈ (ચીફ ઓફ પાટડી) આ પુસ્તકની રજુઆત કરવા માટે આપ સૌનો આભાર વ્યકત કરે છે.



પાટડી નો પ્રભાકર

અથવા

સૂર્ય વિરહ બત્રિશી.

તથા

તખ્તાસીન ત્વારીખ.



॥ સોરઠા ॥

અવર નૃપત કવિઆત, માહુર બરસે દ્રગ મહીં;
સુજા તું સાખ્યાત, બડકાતા અમૃત બસે."

રચી પ્રસિદ્ધ કરનાર.


ગઢવી કાળીદાસ ગરમેરભાઈ,

(ઉર્ફે સ્યામ) પાટડી રાજ્ય કવિ.

વતન ગોરૈયા (મોટા)

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૬૯ સને ૧૯૧૩.



કિંમત ૪ આના.

પાટડી નો પ્રભાકર

અથવા

સૂર્ય વિરહ બત્રિશી.

તથા

તખ્તાસીંન ત્વારીખ.



॥ સોરઠા ॥

" અવર નૃપત કવિઆત, માહુર બરસે દ્રગ મહીં;
સૂજા તું સાખ્યાત, બડદાતા અમૃત બસે. "



રચી પ્રસિદ્ધ કરનાર.
ગઢવી કાળીદાસ ગરમેરભાઈ,
(ઉર્ફે સ્યામ) પાટડી રાજ્ય કવિ.
વતન ગોરૈયા (મોટા)



કિંમત ૪ આના.

શ્રી મનહર પ્રીન્ટીંગ પ્રેસમાં—મોતીલાલ ગણપતરામે આ પુસ્તક
છાપ્યું. ઠે. પાનકોરના નાકે—અમદાવાદ.

અર્પણ પત્રિકા.



સ્વસ્થાન શ્રી પાટડીના નેક નામદાર મરહુમ દરબારશ્રી સુરજમલસિંહજી સાહેબ બહાદુર.

રાજ્ય લક્ષ્મી. **સોરઠા**

કલીકુ નૃપન કે સંગ, ભઈ રાજ લછમિ મલિન.
સૂદ્ધ કરન નીજ અંગ કમલજકોં પુછન લગિ ॥ ૧ ॥

અર્થઃ—કલિકાલના વ્યશનાદિક ખોટા લક્ષણો વાળા ખરાબ કેટલાએક રાજાઓ પેદા થવાથી સંસ્થાનોમાં રહેતી. રાજ્ય લક્ષ્મી બ્રહ્મા પાસે આજ્ઞા લેવા ગઇ કે મારે સુદ્ધ થઇ કયાં રહેવું.

બ્રહ્મા— **કવિત.**

આનનમેં ઇંદુ મન ધર્મકો નિકેત નિકો
લોચન શ્રી રસનામેં સારદા નિહારી હૈ ॥
બલમેં સમિર તેજ ભાનું ધિય ધિસન હૈ
પાવક પ્રતાપ આભા કામ દેહ ધારી હૈ ॥
અનુગ્રહ ધનદભુ પ્રચંડ ભુજ દંડ સોહે
દુહીન કહેરી જાકું અનુકુલ બિહારી હૈ ॥
સુર્શતેગ ધારા સ્વચ્છ જલમેં નવાતિઅંગ.
રાજશ્રી નિવાસ કર, આયસ હમારી હૈ ॥ ૨ ॥

અર્થઃ—મુખપર ચંદ્રસો વાસ છે. અંતર ધર્મનું સ્થાન છે ચક્ષુમાં લક્ષ્મી રહે છે રસનામાં સારદાએ વાસ કર્યો છે બળમાં પવ-

નનો વાસ છે તેજમાં રવિ છે. બુદ્ધિમાં બ્રહસ્પતિ છે. પ્રતાપ અગ્નિ સમાન છે કાંત્તી કામદેવ જેવી છે અનુગ્રહમાં કુબેર ભંડારી છે જેના હસ્ત કમળમાં પૃથ્વી શોભી રહી છે બ્રહ્મા કહે છે વળી શ્રી કૃષ્ણ પરમાત્મા અનુકુળ છે તેવા પાટડીના દરબાશ્રી સુર્યમલજીની તેગની ધાર સ્વચ્છ પાણીવાળી છે તો હે રાજ્ય લક્ષ્મી તેમાં શુદ્ધ થઈ ત્યાં નિવાસ કર એવી અમારી આજ્ઞા છે

એવી રાજ્ય લક્ષ્મિને ધારણા કરેલા. સર્વશુભ ગુણ સંપન્ન,, નિડર, જીતેંદ્રિય આપ દરબારશ્રી હતા, આપની હયાતીનો સુર્ય અસ્તાચળમાં અસ્ત થયો છે તોપણ આપની શિતળતાનો નિસ્કલંક શશિ તથા આપના પ્રતાપનો સુર્ય પ્રલય કાળ સુધી અખંડ આ અવનિમાં ભ્રમણ કરશે.

આપ આત્મ સંયમનથી મહા તપસ્વી અને સત કર્મોથી. પરમ પુરૂષાર્થી મનાયા છો. પ્રજાના હૃદય મંદિરમાં જ્ઞાન દિપક પ્રગટ કરનાર આપ તત્વબોધક હતા રાજાઓને ધર્મ પરાયણ દાખલો દેવામાં આપ રાજર્ષિ હતા. આપના સંબંધમાં પુષ્કળજનો "એવા પુરૂષોનો જન્મ લોકાભ્યુદયાર્થેજ થયેલો હોય છે" એમ વારંવાર બોલે છે તેમજ ધર્મ નિતી યુકત શિક્ષા અને બોધવડે સ્વરાજ્યની તથા પર રાજ્યની સ્વદેશની તથા પરદેશની અપૂર્વ પ્રિતી સંપાદન કીધી છે રાજ્યના ક્ષેમ તથા પ્રજાના પ્રેમમાં સંપૂર્ણ ઉત્કર્ષ દાખવ્યો છે આપ વિદ્યા વિલાસી અને રસિક હતા.

દોહો.


જાકો જસહે જગતમેં, જગત સરાએ જાહિ ॥
તાકો જીવન સફલહે. કહતહે અકબર શાહિ ॥ ૩ ॥

જેનો જસ દુઃનિયાંમાં છે તેને આલમ આખી વખાણે છે તેનું જીવનપણ સફળ છે એવું અકબ્બરશાહ આદી મહાન્ પુરૂષો પણ કહી ગયા છે તો આપના યશકિર્તન કરતાં મારા તરફથી થતું ગુણ કથન કાંઇ વધારે નથી. તોપણ આપે મેળવેલી અપૂર્વ લોક પ્રિયતાના તથા મારા પ્રત્યેની આપની અસાધારણ કૃપાના સ્મરણાર્થે આ લઘું પુસ્તક આપની છેલ્લી શેવામાં અપર્ણ કરૂં છું.

સદાનો આભારી આશ્રિત.

ગઢાવી સ્યામ (ઉર્ફે) કાળુ ગરમેરભાઇ.

રાજકવિ પાટડી.



પ્રસ્તાવના.

આ પાટડીનો પ્રભાકર (યાને) સૂર્ય વિરહ બત્રીસી. લખવાનો હેતુ એ છે કે મરહુમ નામદારે કડવા કુળ દિપક શ્રી દેસાઇ વંશમાં અવતાર ધારણુ કર્યો હતો તેમના પૂર્વજો પ્રથમ માધાવતી નગરીમાં રહેતા હાતા. ત્યાં ઘણાં સુરવીરતાનાં કામ કરી ગામ ગરાશ મેળવ્યાં. મુળ પુરૂષથી ચાલીસમી પેઢીએ. મહાન્ પુરૂષ વૃજ પાલજી થયા. તેમણે ઇ. સ. ૧૫૬ ના અરસામાં ઉંઝા ગામ વસાવ્યું ત્યાર પછી. ૪૯ મી પેઢીએ બીજા વૃજપાલજી થયા તેમણે કાવર ગામ વસાવી બાવનહજાર વીઘાનો રકબો બાંધ્યો તે પછી મહા પરાક્રમી ૬૯ મી પેઢીએ. મંડળીકજી થયા. તેમનો ચાંપાનેરમાં વાસ હતો. ત્યાંના રાજ્યમાં માનકારી વીર હતા પોતે રાજ્યના બારવટીયા. બાદરીયાને મારી બારીઉં ગામ વસાવ્યું તે વખતે રાજાએ ખુશી થઇ અલીંદરૂં, અજાંડીઉં કેવડાસણા તથા ભદામ ભક્ષી ગામ ઇનામમાં આપ્યાં.[1] [2] [3] [4]

ત્યાર પછી ૭૦ મી. પેઢીએ વેરસીભાઇ થયા તેમણે ઘણી. જાહોજલાલી બતાવી. તે વખતમાં પતઇ રાવળ રાજ્ય કરતા ત્યાંપણ બાદશાહ સામે થઈ. ઘણાં રાજ્યહિતકામ કર્યાં મહમદશાહ બાદશાહને મદદ કરી. બારવટીયા. વીરમદે વાઘેલાને પકડી આપ્યો. વિરમગામ પરગણું બક્ષીસ મળ્યું ગાદીની પ્રતિષ્ટા થઈ. ત્યાર પછી ૮૪ મી પેઢીએ દેશાઈ શ્રી ભાણુજીભાઇ થયા, તેમણે કેટલાંક ગામો વધારી તાલુકો આબાદ કર્યો ૮૫ મી પેઢીએ અદેકરણુજી થયા. તેમણે વિર-

મગામ શેહેરપનાનો કિલ્લો પાકો કરાવ્યો કેટલાક પ્રગણાની દેશાઇગી મેળવી તેમના કુમારશ્રી ભાવસીંહજી આદીઉપર આવ્યા તેમણે ઘણી કારકિર્તીનાં કામો કર્યા છે તે પ્રાચીન ઇતિહાસમાં છે. મુખ્ય બાબતમાં પાટડી રાજ્ય તખ્ત બનાવ્યું. તે બાબત આગળના કોઇ કવીએ દુહો કહેલ છે.

દોહો.

પેલી હતી પાટડી, હવે થયો અજમેર
ભાવા ઉદા ભાણુરા. સુબા માથે શેર ॥ ૧ ॥

વળી જોધપુરના રાઠોડો સંગાથે તથા રતનસંગ સાથે આગળ ઉપર ભાવસિંહજી ને લડાઇ થએલી અને જીત મેળવી આવેલા તે પ્રસંગનું પણ. મારવાડી ભાષામાં ગીત છે તે નિચે પ્રમાણે.

ગીત છપાખરૂં

નાળાં ઝુબકે જંજાળાં કાળાં, ચમરાળાં ભજે નેજા;
૧ ૨ ૩ ૪ ૫
વડાળાં હથાળાં સજે, સાહુકી વતન;
૬ ૭ ૮
વડેંગાળાં સેન પાળાં, બાદળાં ભાદ્રવાવાળાં;
૯ ૧૦ ૧૧
રણંતાળાં બંધે ચાળાં, આવીઓ રતન. ૧.
૧૨ ૧૩ ૧૪
હલે અલે ચલે ફોજાં, ઉઝલ્લે સમુદ્ર હેલાં
૧૫ ૧૬
જાણ મોજાં બંધ ટલે, જુડેવા સજંગ;
૧૭ ૧૮
ઉઠીઓ અઢાચો કેવી, ઉપરાં ગળેવા આખા;
૧૯ ૨૦ ૨૧

સાર[૨૨] ઝલે[૨૩] જોધ[૨૪] સામાં, ભલે ભાવ[૨૫] સંગ. ૨.
ધરેડે[૨૬] બંધુક શોક, ખરેડે આકાશ[૨૭] ધરા.
મોરચાં[૨૮] હરેડે તોપ પડે, મારા[૨૯] માર;
રૂંડ મુંડ[૩૦] ઘોડાં ભડાં, હરેડે પ્રનાળાં[૩૧] રૂદ્ર;
અદારો[૩૨] અરોડે[૩૩] ફોજાં, મરોડે[૩૪] અપાર. ૩.
પ્રથ્વી સદાઇ[૩૫] ભજે, આપરી વડાઇ પાણું[૩૬];
ચોખુંટા વધાઇ[૩૭] ક્રીત, વંચાઇ અચુક;
દેશાઇ વધાઇ[૩૮] ખ્યાત, ભાઇ ભાઇ ભાણ[૩૯] દુજા
રાઇતાંની[૪૦] છાઇ શોભા, ભલી વાઇ રૂક[૪૧]. ૪ ।૨।

---

૧. તોપું
૨. અવાજ થાય
૩. લાંબી તોપ
૪. કાળા ચમરાળા હાથી
૫. નેજા ફરકે
૬. જબરા હાથવાળા
૭. તૈયાર કર્યા
૮. બાદશાહના વતન ઉપર
૯. ઘોડેશ્વાર
૧૦, પાળા
૧૧. જાણે ભાદરવાના વાદળાં
૧૨. રણક્ષેત્રમાં
૧૩. ચાળું બાંધીને
૧૪. રતનસીંગ આવ્યો
૧૫. હળીમળી ફોજુ ચાલી
૧૬. જાણે સમુદ્રનો હેલો
૧૭. જથ્થાબંધ હીલોળાના હલ્લા
૧૮. લડાઈ કરવા માટે.
૧૯. લડાઇથી ધરાય નહિ તેવા.
૨૦. દુશ્મન ઉપર

૨૧. તેને આંખોને આંખો ગળવા. ૨૨. તરવાર

૨૩. ઝાલી ૨૪. જોધપુરના રાકોડ

૨૫ ભાવસિંહજી દેશાઇ. ૨૬ બંદુકની સોક ચાલે છે

૨૭. આકાશ પૃથ્વી ગાજે છે ૨૮. તોપના મોરચાચાલે છે

૨૯. મારામાર થઈ રહી છે ૩૦. સુરાનાં તથા ઘોડાનાં માથાં ધડ જુદાં થતાં જાય છે.

૩૧. લોહીનાં નાળાં વહે છે. ૩૨. અદેશીંગજી ના ભાવસંગ.

૩૩. રોકાય એવો નહિ. ૩૪. પાર નહીં એટલી ફોજને મરડી નાંખે છે.

૩૫. તમારા હાથની વડાઇથી પૃથ્વી શોભે છે ૩૬. હાથ

૩૭. ચારે દિશામાં અચળ કિર્તી ફેલાણી છે. ૩૮. દેશાઈ વંશની પ્રખ્યાતિ વધારી છે.

૩૯. ભલો ભલો બીજા. સુર્ય રૂપી. ૪૦. રજવાડામાં

૪૧. તરવાર એટલે (રજવાડામાં તારી તરવારની શોભા છાઇ રહી છે)

ઉપરની હકીકતથી જણાય છે. કે દેશાઇ વંશ આદ અનાદિથી બાહુબળવાળા અને રાજ્ય કર્ત્તા છે. ત્યારપછી નથુભાઇ, વખત સીંહજી. હરીસંગજી કુબેર સીંહજી, જોરાવરસિંહજી (જેના નામની માનતાઓ ચાલતી હતી એવા શંકર ભક્ત હતા.) તથા હીમતસિંહ- એમ અનુક્રમે ૭ રાજા થયા હીંમતસિંહજીએ. ડાકોર અનક્ષેત્ર તથા. પાટડીમાં વૈસ્નવ મંદિર બંધાવી લાખો રૂપીઆ આપ્યા પોતે અપુત્ર ગુજરી જવાથી પોતાથી નાનાભાઈ મરહુમ દરબાશ્રી સુરજમલજી

સને ૧૮૮૪ માં ગાદી નસિન થયા. પોતાની કાર કિર્તિમાં નિર્મળ ન્યાય અને પ્રજાપાળ કાર્ય કરેલ છે. તે આ પુસ્તકથી તથા દરબાર શ્રી દોલત સીંહજી તખ્તાસિન થયા તે વખતે કાઠીયાવાડ પોલીટીકાલ એજંટ મહેરબાન મેજર હેરોલ્ડ સાહેબે કરેલા ભાષણની નકલ આ પુસ્તકમાં છે તે ઉપરથી જણાઈ આવશે. કોઇપણ આગબોટ એવી નથી કે મરહુમ નામનાદારની કિર્તીના સિંધુ કિનારે પહોંચી શકે. કોઇપણ પક્ષી એવું નથી કે મરહુમ દરબાર શ્રીના તારીફના નભ મંડળ સુધી જઇ શકે. તોપણ મારા ઉપર કરેલા આભારના ઉભરાથી. મારા જીગરના સોકોદ્ગારનું વર્ણન આ પાટડીનો પ્રભાકર (યાને) સુર્ય વિરહ બત્રીસીમાં કરૂં છું. તો રસિક વિદ્વજનોને એ પ્રાર્થના છે કે ગુણ ગ્રાહક દ્રષ્ટિથી આ લઘુ પુસ્તક અવલોકન કરશો.

શ્રાવણ શુદ. ૩ સંવત. ૧૯૬૯ મંગળ- તા. ૫ અગષ્ટ ૧૯૧૩	ગઢવી. **સ્યામ (ઉર્ફે) કાળુભાઈ ગરમેર ભાઈ** **પાટડી.**



४११५

રાગ બિહાગની ગજલ (દુનિયામેં એ આદમ નહી) એ રાહ.

શ્રી ભાનું પ્રકાશ્યો ભાવથીતું, આ અવનિ મોઝાર
તાહુરો પ્રકાશ થાતાં ,અરિ કુમુદ બેજાર. ભાનું ટેક.
ભરતખંડના ભૂપતિમાં, સૂરજમલ સુખકાર;
પ્રકાશ્યો ચારે ખંડમાંતું, કિરતીનો વરનાર. ભાનુ १.
ભલેં પ્રકાશ્યો ભલેં પ્રકાશ્યો, જગ ઉજવલ કરનાર;
વિદ્વજન ઉત્પલ સમ ખીલે, એ તારો ઉપકાર. ભાનુ ૨.
વળી પ્રકાશ્યો દીન જનને, ધનદ તણો ભંડાર;
હ્રદય પ્રકાશ્યો આંગ્લશાને મિત્ર શુરો સરદાર. ભાનુ ૩.
પ્રકાશ તારો પુર્ણ રહેજો, પ્રથ્વીમાં નિરધાર;
સ્યામ નિશદિન એટલું, કરજો હે કિરતાર. ભાનુ ४.

કવિત.

કીનોહે પ્રકાશ કુલ, લીનો અવતાર તબ;
બિધાકો પ્રકાશકીનો, બાલ પનવે શહે;
પ્રજાપેં પ્રગટ કીનો, સુકૃત વિશેષ ઓર
ગુન નિતી વાજકીનો, સુજસ અશેષહે.
સ્યામયું ભનંત, જત્ર તત્ર નૃપ મંડલમેં
ફરતે ફિરંગી લોં, પ્રકાશતા હમેશ હે.
ઓર ભૂપ ઉપમાકે, સૂરજ બખાંનિયત.
પાટરીમેં ઉગ્યો આપ સૂરજ નરે શહે. ४



श्री हरि कथा प्रसंग स्वर्गवास.

મનહર.

વક્તા જેના વાક્ય માંહી, સુદ્રતા મિઠાશ અતિ.
પંડિત ત્રંબકરામ, પ્રેમ થકી આવતા.
રામાયણ ભાગવત, ગિતા હરિ વંશ આદી.
ચરિત્ર પ્રભુનાં ઘણાં, વાલથી વંચાવતા.
સ્થુળ આ શરીર પુશ્પ, કરમાતાં વાર કેવી.
બ્રહ્મજ્ઞાની દાખલાજ, કેતા મન ભાવતા.
કથા પળવાર બંધ, રાખીના પ્રયાણ સમે.
સ્યામ રામ, રામ, રામ, કૃષ્ણ સંભળાવતા 1

મનહર.

પરીયાણ પુના તણાં, પડતાં મુકાવ્યાં પોતે.
આ ચીંતાના અવનિથી, સ્વર્ગે સિધાવ્યા શું.
જાણે દેવ કચેરીમાં; કામ પડયું જરૂરનું.
ચાહના ધરીને માનું, ચોંપથી બોલાવ્યા શું

ભૂપતિ બધાય આજ, ભાવધરી એમ ભાખે.
વાસવને વાલ થકી, ભાનુસીંહ ભાગ્યા શું.
રાજકાજ હામ રાખી, વિદેસે વેલાજે આવો.
સ્યામ કવિ રાહ જુએ, ફરી પાછા નાગ્યા શું ૨

મનહર.

અનેક ઉધ્ધારવામાં, પાપને પ્રજાળવામાં.
શેવાનાં સદન કરિ, ધરમ પ્રસારતા.
દેશીઓ વિદેશી કાજે, રસોડાં ઉઘાડાં રાખી.
અનદાન દેવા માટે, રાખી તેં ઉદારતા.
ન્યાય નિતી પાળવામાં. રૈયત સંભાળવામાં.ાં
વેરી ઘાણ વાળવામાં, હૈયે હામ ધારતા.
હાય હિંદ હિરોજે, ગુમાવ્યો સ્યામ સુરજને.
અવર નૃપતિ બધા, મુખથી ઉચારતા. ૩

મનહર.

સુજસના સિંધુનું, કુંભજે પાન કર્યું આજ.
વિદ્યાતણું ખરૂં ઝાઝ, ભરેલું વમાવ્યું છે.
પ્રજારૂપી પંકજનો, પાળનાર પ્રભાકર.
તરસ્યાનું સરોવર, સાબદું સુકાવ્યું છે.
ફકીરોના નસિબને, ફોડી નાંખ્યું ફટ દઇ.
કલ્પતરૂ કવિયોનું, ઓચીંતુ ઉડાવ્યું છે.

શાણા સરદાર મારા, સુરજ સરગે જાતાં.
કહે કવિ સ્યામ મારૂં, ભાનતો ભમાગ્યું છે. ૪

મનહર.

કૃખતુંજ રાજ બધી, દુનિમાં વખાણ થાય.
ખારાપાટ પાસે મીઠી, વીરડી ગણાય છે,
મારવાડી કવિ કહે, સુરતનો તાલુકો જે.
કાઠીઆવાડમાં જાતાં, જરૂર જણાય છે.
દેનકીમાં સુરજનો, હાથ જો અમારે થાવે.
દાન, સનમાન, કાવ્ય, અધિક ભણાય છે.
હાય હંશ હાલીયો શું, મુકી માન સરોવર.
સ્યામ કવિ જીગરથી, દીલકું તણાય છે. ૫

મનહર.

વીરમગામ તાર, મહદશોક.

મહત્વનું કામ સોંપો, કૌંશીલ કોરટ સુધી.
ફરજંદ જાણી ગુણ. કરસન દાસમાં,
ખરૂં હિત રાજ્યનું જે, કરવામાં હામ અતિ
વકીલ નથુજ ભાઇ રહે સદા પાસમાં;
વફાદાર રાજ્યના તે બેઠાતા દિવાન સાથ
ચમકાવ્યુ દીલ તમે, તારની તપાસમાં;
હાય હયાતીનો, સુર્ય અસ્તા ચળ અસ્ત થયો
પરિયાણ કરી સ્યામ. પ્રભુના પ્રકાશમાં; ૬

મનહર.

સદ વરતનિ આજ્ઞાકારી શ્રી દોલતસિંહ
ખાનગીની વાત કેવા વિચાર પ્રચારે છે,
દિવાન મગનલાલ સાથે સુ માણેકલાલ
વાત રાજતણી કાંક, પુછવા વિચારે છે;
સ્વર્ગે સિધાવ્યા મારા શોખી સુર્યમલ રાજા
કવિ તારો કાળુ ઘડી એકના વિસારે છે;
ભુપતિ દિદાર દેવા એકવાર આવ્યતને
રીયાસદ તારી બધી. રૈયત સંભારે છે; ૭

મનહર.

પુત્રવત્ પાળીને. ઉછેર્યો પાસે રાખીસદા,
નારાયણ નામને બોલાવતાજ હર્શમાં.
હીરસિંહ ઉપર હમેશાં હેત ઝાઝું હતું
કોઇને કેવાન દેતા, રહી અર્શ પર્શમાં;
ગમ ગીની દીલની દેખાડે શું દુઃનીમાં સ્યામ
વિયોગ દુઃસહ નડયો, સવંત્શર વર્ષમાં.
પ્રતાપ, પ્રભાત બાળ દાદાજી સંભારે રોજ
સ્યામ તેતો બોલાવે છે, છબીતણા દર્શમાં; ૮

મનહર.

ભાઈ સાથ માંહી હેડી. વજભા ઉદાશ લલ્લુ,
ચુનીભાઇ કલભાને, બાલુભા, ઉદાર જે;

જ્ઞાતિમાંહી વીઠ્ઠલને વૃજલાલ, બાલભાઈ
નથાભાઇ નાગજી, સંભારે ઉપકારજે;
પાટપુર માઝનમાં હડતાળું પાડી બેઠા
ગણેશ, કેશવ, ખેમો, શેઠ શાહુકાર જે;
કસબો તમામને ખુરેશી મોતી, ખુબરોવે.
અછામીયાં, બડામીયાં આપનો આધારજે; ૯

મનહર.

અનુભવી અતિ કર્યા, મોટા કામદાર બેય
નાની વયમાંથી સદા, આપનો આધાર છે;
વૈવટ કુશળ થયા. ઇશાવરલાલ આદિ
ગીરધરલાલ વૃજલાલ ઉપકાર છે.
પોલીસ કામમાં પેક, ઉશમાન, છોટાલાલ
હરદમ હજુરની પાસે દરકાર છે.
કહે કવિ શ્યામ ભુપ સરગે સિધાવ્યા મારા
સરવેના માથે મોટો આપનો આભાર છે. ૧૦

મનહર

કોરડુંના કેશમાંહિ કાબેલ ઝીણાજભાઇ
શિવલાલ, રામજી દેશાઇ વંશ આપ છે:
દલપત, ગણપત, રણછોડ, અમરત
હામવંત હરજીસુ હજુર પ્રતાપ છે;
કારભારી મંડળ પ્રસિદ્ધી પરરાજયમાંહી

તાલમ તમામનેજ આપ તણી છાપ છે;
સરગે સિધાવ્યા સ્યામ શાણા સરદાર પણ.
સર્વેના માથે ભુપ. આભાર અમાપ છે. ૧૧

મનહર.

મેજીસ્ત્રેટ કારકુન, મગન પ્રસિદ્ધ થયા.
સોમનાથ, રાધાભાઇ, નિધાતો નિહારી છે,
હજુર સિરેસ્તદાર, અચાભાઈ દીલગીર.
જાવું ઘણું થાતું, લખાવટને સુધારી છે.
જાતે શીખવતા કામ, જરીફ મકાન જ્ઞાન,
કેશવને પ્રેમચંદ, આપના આભારી છે.
કારભારી મંડલ પ્રસિદ્ધી પરરાજયમાંહી.
તાલમ તમામે લઇ, કિરતી પ્રચારી છે. ૧૨

મનહર

નોકર જુનામાં ખુદ, જુના જે કલ્યાણસીંગ.
દાજીભાઇ કેસરખાં, અતિસ ઉદાસી છે.
બાવલ હજુરી ખાસ, હાજર સેવામાં રહે.
કપુરની નોકરી તો, આપેલીજ ખાસી છે.
શાણા રણછોડ, ફુલા ગંભિર, તૈયાર કર્યા.
થોડા માસ તેની પાસે, નોકરી તપાસી છે.
થતી હતી નોકરોની, કદર હમેશાં સ્યામ.
તે તો સરદાર મારા, સ્વર્ગ તણા વાસી છે. ૧૩

મનહર.

લખિ કંકુ પત્ર અત્ર, બોલાવ્યા વિદેશ થકી.
જ્ઞાતિ ઉન્નતીના માટે, સરવે સમાજને.
ખરચી હજારો દ્રવ્ય, સનમાન કીધું ખુબ.
સુધારા વધારા કર્યા, ભાવતા ઘણા જને.
પરિશ્રમ લિધો પોતે, હજારો રૂપૈયા ભર્યા.
કન્યાના બાળતણી, કેળવણી કાજને,
સ્યામ દાન વીર હુતો, દેખું ના દુનિમાં કોઇ
ધન્યવાદ એ છે બધો, સુજા મહારાજને ૧૪

મનહર.

મનથી વિચારે સદા, મંડલ મહાજનો.
એબરી ખોટ પડી, પ્રમુખ પધાર્યાથી.
સંસ્તી પોતાની સદા. ધીરતા વિચારી કરો.
કર્યું હતું કામ સિધ, અધિકુજ ધાર્યાથી.
ખરીદી જમીન ખુબ, વિચારથી આશ્રમની.
એને લાભ ભોગો, સુગતચીના વધાર્યાથી.
બોર્ડીંગ વાળાજ બધા શિશુ તો સંભારે સ્યામ.
સાચા સરદાર મારા, સ્વર્ગે, સિધાર્યાથી ૧૫

મનહર-

પરીશ્રમ લઇ શાળા, બગીચા શોભાવ્યા બેસ,
પુષ્પ ત્રણ ખીલ્યાં જેની સુગંધી હમેશ છે.
હીરસીંહ સાથે તો, પ્રતાપસીંહ પોતે વળી.
રાવળ મથુર જેની, લાયકાત બેશ છે,
હાઇસ્કુલ, ઇંગરેજી, માંહેતો પ્રસિધ થયા.
આગળ વધવા માંહી, સદા લવલેશ છે.
સ્યામ કહે ભૂપ મારા, સ્વરગે સિધાવ્યા પણ.
ભણવામાં હીંમત તે, આપનો ઉદ્દેશ છે ૧૬

મનહર.

વાસુદેવ સુત તને, ઠમકો ઝટક્યો શું હતું,
અવનિનો ઇંદ્ર આજે, ઓચીંતો ઉઠાવ્યો શું;
કાવ્યની કદર કર, નાર ગયો કવિઓનો,
સંતની સભાનો બાગ, સામટો સુકાવ્યો શું.
ઠાઠ પાઠ ભક્તિતણા, વેરી નાંખ્યો કાળાવેરી,
જનક વિદેહી રાજ રૂષિને ગુમાવ્યો શું;
સ્યામ કવિ કહે મને સલામી છેલી ન થઇ,
ભુલવણી પંથ માંહી, જગમાં ભમાવ્યો શું. ૧૭

મનહર.

દીલગીરી તારના, સંદેશા સવા ત્રણસો છે,
હડતાળુ પાડી તારા, હેતુ તણા શેરમાં;
રૈયત અઢારે કોમ, ઉદાસી અતિસે રહે,
ધરમનો થંભ ગયો, વરતાવી કેરમાં;
પિતા પુત્રતણી જોડી, આરોગ્ય નિરખી અંતિ,
જતા દિવસો અમારા સદા લિલા લેરમાં.
કદરના કરનારા સ્યામ કે કવિતા રચી,
મસાલના વખતમાં આવું હર્ષ ભેરમાં ૧૮

મનહર.

બારોટ બેચરભાઈ, વડોદરા વાસ જેનો,
ખબર હજુર જાતાં, ખેદ અતિ ધારશે;
પેશવાહી રાજ્ય ચીંન, સવારી પુછાવો ભૂપ,
સ્વર્ગ ખબર હવે, કોની સંગ આપશે.
હરદમ હોંસથી હૈયાતિ, વેદ વાંચતા તે,
વિવેકી સિધાર્યા એવું, દીલથી વીચારશે;
કિરતીના કોશ તણો, ચોપડો ઉખેળી સ્યામ,
પૂર્વજોની પાસે લખી, સુજસ સંભારશે. ૧૯

મનહર.

સમ દ્રષ્ટી રાખી સર્વે, રૈયત અઢારે પર,
હિંદુજ મુસલમાન, હોય કદી પારસી;
બતલાવી ભાવિક, વ્યક્તિને જેણે ભાવ થકી,
આગળનો દાખલો જે, સિકંદરી આરસી.
હિંદુ ધર્મ મંદિરોમાં, કરબાની મેજતોમાં,
વૃતિ સદા રાખી, અકબર જે ઉદારસી;
સુર્ય સરદાર મારા, વાતની ધુંચવણીને,
જુદી પાડી આપે હંશ, દુધ, જળ ધારસી. ૨૦

મનહર

પુન્યશાળી રાજા, પછવાડે દીધાં લક્ષ દાન,
ઉત્તર ક્રીયાનું કાજ, કર્યું છે ઉમંગમાં;
પાલનહી પુર વળી, પાલીતાણા જસદણ,
દશાડા નરેંદ્ર આદી, આવીઆ પ્રસંગમાં.
જ્ઞાતી મેળો ગંજાવર, ચોવિસી ચકવે આવી,
કામોરા કરે છે કામ, પોરશાહી અંગમાં;
લાડુ ફેણી જલેબીને, શીરો પીરસાય નિત્ય,
વિધ વિધ શાક ભાત, દાળ રાખી સંગમાં ૨૧

મનોહર.

ચારે દિશા માણસોની, ગરદ મરદ આવે,
તાકીદના કામ માંહિ, પરાણે જવાય છે;
બંદોબસ્ત બેવડો, બેસારી ખવરાવે નિત્ય,
તફાવાર કેમ બધી, વાડીયે ભરાય છે.
હઠયા નાહીં સારથીઆ, સરોવર નીર હઠયું,
હઠયો નહિ માલ તાલ સિલીકે સહાય છે;
રૈયત તમામ સાથે, પર રાજ્ય રૈયત છે,
સુજા બાપા તણી, જય જય તો બોલાય છે. ૨૨

રાગ આશાવરી, રાજા મને ચાહો છો તો મેરી સુધ લીંજે એ રાહ.

બંકો રાજા આજ ગયો, સુર્ય છત્ર ધારી,
સુર્ય છત્ર ધારી જેને, નેકી અતિ પ્યારી. બંકો૦ ૧
સાલ ઇગ્નોતેર, અસાડ સુ કૃષ્ણ પક્ષ,
તિથી છઠ્ઠ ગુરૂવાર, નિશા ભયકારી. બંકો૦ ૨
કરી દેવ દરસન, દેવાલય ફરી ફરી,
રટત રટત મુખ, કૃષ્ણ મુરારી. બંકો૦ ૩
ફનાં જગ જાણીનીજ ભુતિના ડુલાવી તમે,
સ્વર્ગ સિધાવવાની, ગતિધારી ન્યારી. બંકો૦ ૪
સ્યામ કવિ કહે મને, સંતત નિમોંચ્યો,
ઘણું જીવો દોલતેસ, ભરોશો છે ભારી. બંકો૦ ૫
॥ ૨૩ ॥

રાગ કવ્વાલી ગઝલ. અયે રંગત અજબતેરી ખલકસારા દીખાતાહે એ રાહ.

અરેહો છોડ દુનિયાંકો, ફનાં સબ જાનકે રાજા,
ખુલાકે સિધારે હો, સબે ઇન્સાન કોં રાજા. ગયેહો ટેક.
વસક્ જોજો તુમારાસો, હમુકોં યાદ આતા હે,
જીગરકો દર્દ કો જાને, કિધર જાકે કહું રાજા. ૧
શિવાલયમેં પધારે થે, અભિશેક પૂર્ન કે કાજે,
ફરમાયા કયાહી શંકરને, નહિ હુમ જાનતે રાજા. ૨
ખલકમેં ચાહના તેરી, હુતિ ભૂપતિકે મંડલમેં,
ઇધાંહે ચાહના જાકી, ઉવાંહે ચાહના રાજા. ૩
નહિ કછુ દર્દ કે દાવા, ફિર્યો નહિ હુશન આનનકો,
સમાધિમેં નિરંજનકી, સિધારે સ્યામકે રાજા. ૪

॥ ૨૪ ॥

રાગ ઇંદ્ર સભા. કોઇ હાલ કહો જાકે. એ રાહ.

તુમ સ્વર્ગ સિધારે, (૨)
પ્યારા શાખી સરદારે, એ.........એ. તુમ સ્વર્ગ૦ ટેક.
પાછે આવો, પાછે આવો દીન કહતહે, પંડિત પોકારે,
સબ રૈયત સંભારે, નેકીવારે એ......એ. તુમ સ્વર્ગ૦ ૧
સ્યામ કવિતો કવિતા તેરી નિતહી સંભારે,
સબ દીન સુનન હારે, કહો પ્યારે એ......એ. તુમ૦ ૨

જનાનો સરવે સોક સમુંદ્રમેં, ઘડી ન વિસારે
સુતા, બંને પોકારે, હીંમત હારે એ........એ. તુમ૦ ૩

દોલતસીંહજી દિવાન દોતું, ગમગીની દીલું ધારે,
જીગરકો ધાન વિસારે, ગયે કાં રે એ........એ. તુમ૦ ૪

॥ ૨૫ ॥

રાગ કલાઇડો કાનુડો છે કામણગારો એ રાહ.

શુર્ય મલ સ્વર્ગે સીધારી, રિયાસદ કીધી દુઃખીયારીરે,
શોખીલા સ્વર્ગે સીધારીરે, એ ટેક.

ફર્જ ધરમની શીહું વખાણું, ટેક તણો મહીમાય,
શ્રીઠાકોરને ધર્યા વીણ વસ્તુ, જીમાયેન દેવાય;
વિદેસેં હોય સવારી...સુર્યમલ સ્વર્ગે સીધારે—શો૦ ૧

હાલતાં ચાલતાં હરદમ મુખે, શ્રીકૃષ્ણ તણું તો નામ,
કૃષ્ણ વીના બીજું કામ ન આવે, ધારેલ વાત મુદામ;
નવધા ભક્તિ પ્રેમ નિહાળી...સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૨

શોખ નિતીનો શું હું વખાણું,(ભલેં) લાખોનું નુક્શાન થાય,
હુકમ થયો હોય ખુદ હજુરનો, તે તો કેમ ફરાય.
ભલેં હોય દીવાન ભારી...સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૩

શોખ બગીચા બંગલામાંહી, ખર્ચ્યો વીત અપાર,
પ્લાન કરી દે પોતાની જાતે, ઇજનેરનો શો ભાર;
જોયો રાજ વલ્લભમારી, સુર્યમલ સ્વર્ગે સિધારીરે—શો. ૪

•

શોખ ઘોડાંને શું હું વખાણું, રોજ સવારી થાય,
ઇંદ્ર તણા અશ્વ લેવાના કાજે સ્વર્ગે સીધાવ્યા રાય;
વાસવને કે જો વિચારી, સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૫
કાવ્ય કળાને સંગિત સરવે, શોખ તણી શી વાત,
સેવા કરીને જાતે ગાવે, રાગ ભૈરવ પ્રભાત
નિહારે કુંજ બિહારી સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૬
નેક ન્યાયથી ગામ વધારી, આબાદી કીધી અપાર,
નબળા વરસે નવાણ કરાવ્યાં, વસ્તી પાલણ હાર:
કિરતી જગમાં પ્રસારી, સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૭
ગવરમેન્ટમાં નામના મોટી, માનવંતા તો ગણાય,
પુના તણાં પરિયાણજ મુકી, સ્વર્ગે સીધા વહી જાય;
લાગી દેવ કચેરી પ્યારી, સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૮
રાજ નિતિ અતિ શીખવી પ્રીતે, સહુવાસે રહીને સજોડ,
ઘણું જીવો દાલુબા સાહેબ, પુરશે મનના કોડ;
રૈયતને લાડ લડાવી, સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૯
સ્યામ કવિ ગુણ ગાવે તારા, વિશરસે ન લગાર,
બાળપણાથી પાળ્યો પોશ્યો, એ માનુ ઉપકાર;
ઘણી મોદ લોકમાં ધારી, સુર્યમલ સ્વર્ગે સીધારીરે—શો. ૧૦
॥ ૨૬ ॥

રાગ ગજલ મેંદી ભરે જો હાથ દિખાયે ચલે ગયે એ રાહ.

લીનાહે જન્મ તાહીસેં કિર્તી કમા ગયા,
કિરતી કમા ગયાહી ભૂપ સુજજસ બઠા ગયા. લીનાહે ટેક.

કુમાર દોલતસીંહુ સગ્રીવ, સેવક મિત્રકોં,
કરકે સ્નેહ દ્રઢ ચિત્તકો ભ્રમા ગયા. લીનોહે. ૧
ત્રીસ બરસ રાજ કરી દીનકીલીની દુવા,
ખજાના અખુટ આપ પુન્યકા જમા ગયા. લીનોહે. ૨
કોઉન જાને દિલકાભેદ, એસે કાબેલ થે,
હુકમ સર કામ હમેશાં બના ગયા. લીનોહે ૩
યોગાસન ધાર છિનમે, ઇકતાર લગાયા,
કવિ સ્યામ કે પ્રભુકી જ્યોતમેં સમા ગયા. લીનોહે. ૪

॥ ૨૭ ॥

રાગ ભૈરવી મેતો તોરે દાવ નવા લગી મહારાજ એ રાહ.

આજુ મેરો ભાનુ, ગયો ભૂપ ભારી,
સુર્ય જો કહુ મેતો રવિ જો કહું તો કું;
ભાનુ જો કહું ભૂપ ભારી.........આજુ મેરો ભાનુ. ટેક૦
પ્રભાતકો નામ તેરો, નિત ઉઠી લેવે,
પુજનકે અધીકારી.................આજુ મેરો ભાનુ. ૧
તેજ તો તિહારો તું પુરણ પ્રકાશે ફીર,
કરૂણામય બરખાવે વિતવારી......આજુ મેરો ભાનુ. ૨
જાહી પ્રતાપે ધન ધાન્ય અતિ પાવે,
તેરી નિગાપે જાઉ બલિહારી......આજુ મેરો ભાનુ. ૩

સ્યામ સુરજ તુંહી, સુરજમેં જાનુ,
ગરીબોં કે કાજ તેનેં, મૃતુ દેહ ધારી...આજુ મેરો ભાનુ. ૪
॥ ૨૮ ॥

રાગ. થયા છોરે તમે વયમાં બરાબર વિદ્યાને વરજો એ રાહ.

પ્રીય ભ્રાતા કો ? દાતા દુનિમાં સુર્ય સમો સરદાર—ટેક.
અચળ ધર્મ વ્રત ધારીનેરે; કૃષ્ણ ભકિતપર પ્યાર.
પ્રભુ નિરખી, અતિ હરખી. મનથિરથી.
ચરણ કમળની નિસદિન સેવા કરી વિધવિધસું પ્રકાર
પ્રી.ય. ૧
કવિ વિપ્ર ગુણીજન સહુને આદર દાન અપાર
કોઇ આવે, ધનપાવે, લઇ જાવે,
દશ, વીશ, ત્રીશ, શો, બસેંથી અદકા આવે સુપાત્ર
લેનાર પ્રીય. ૨
ન્યાય નિતીમાં નિપુણ રહીને કર્યો રાજય વ્યવહાર,
નહિ ભિતી, ના અનિતી. રિપુજીતી.
સ્યામ કહે, તે તો સ્વર્ગ સીધાવ્યા, દેવતણે દરબાર
પ્રીય. ૩
૨૯.

રાગ કાના મુને રોઠી રહ્યા સીદ વનમાં-એ રાહ.


સુજા તારી, મુરતી હતી મુને પ્યારી,
પ્યારીરે,...સુખકારી સુજા તારી, ટેક.
સત્યજ બોલવું, અફર સદાજે, (૨)
સદગુણતા દેહ ધારી. સુજા તારી. ૧
કામ જીતવું નિર્મળ ન્યાયી (૨)
નિરખી નહિ પરનારી. સુજા તારી ૨
ગર્વ રહિત સર્વે, શાસ્ત્રો જાણી (૨)
ત્રશના ત્યાગી નઠારી. સુજા તારી. ૩
શ્યામ વિવેકી, સ્વર્ગે સિધાવ્યા (૨)
દેવાંશી અવતારી. સુજા તારી! ૪
૩૦.

બારમાશી.

રાગ, સોરઠ. રોષાદોલ કુબજાશે'રાજી. એ-રાહ.

મેરે ખાવીદ ખલક સોજાર, સુરજ સીંહજી સુખકાર મેરે ટેક.
તો, કહુ' માસહી કીર્તીક આવે, નયા વરસકે દિવસ કહાવે,
દિપક હાર દીપાવે, સોહાવે સુવરણ મય દરબાર. મેરે ૧
માગસર માસ મન મોદ પ્રકાશી, ચાંતે' રૂતુ હે સબહી હુલાશી
અશ્વશાળા તપાસી મશાલા, ખવરાવે શ્રેયકાર. મેરે. ૨
પોશમાસ અતિઠંડ કહાવે, સાધુસંત ગરમ પટ પાવે,
ગરીબકો રોજ ખિલાવે, હરખીત પાવે' મોદ અપાર; મેરે. ૩

મહા મહિના મંગલ દિન આયા. બધિસુરેન, અતિ દિવસ ઘટાયા
બસંતી બાધા ધરાયા, જીતને હે ઠાકુરકે દ્વારા મેરો. ૪
ફાગણ માસ ભયો પ્રફુલીતં, બાગ ધરી ગગાવે શાગીતં.
બેલ લલીતં બિચમેં હોરી શોખ ગવેયા ઉચ્ચાર. મેરો ૫
ચૈતર માસ તરૂ ફુલ આવે, ભાંત ભાંતકે મેવે મંગાવે
હવા પસનસેં આવે. સાહેબ લોક બડા અધિકાર. મેરો ૬
આયો માસ વેશાક સમીરં, નભ ભદ્દલ ઘટા અતિભીરં,
ભઇ લોકકું ધીરં દેવે, બીજ બળદ ધીરધાર. મેરો. ૭
જેઠ માસ અતિ તાપ તપીતં, વામેં હોજ ફુવારા શ્રપીતં,
રીયાસત સાથ રહીતં, મુકામ બગીચ્યં રોજ બહાર મેરો. ૮
માસ અશાડ ભઇ જલધારં, કોકીલ દાદુર મોર ઉચ્ચારં,
તાલ મૃદંગ બજાવે, ગવેયા ગાવે રાગ મલાર. મેરો. ૯
અતિ તહેવાર શ્રાવનમેં આવે, નયે નયે ભાંતિ હીંડોર બનાવે.
અતિ પ્રેમસેં ગાવે પોતે રાગ હીંડોર સરદાર. મેરો. ૧૦
ભાદ્રવ જલ અતિપુર ભરેહે, નિશાન ગોળીબાર કરે હેં
પ્રફુલિત મનસેં દેખે; દોલતસીંહજી કુમાર મેરો ૧૧
આસો માસ નવરાત્ર ઉજાસી, જુએ દશરાકી રાહ હુલાશી
સ્યામ રેયત સુખકારિ. નિહારે સ્વારી ભભકાદાર મેરો ૧૨
બાર માસમેં પ્રીતે ગાયે. સો મહારાજાહી સ્વર્ગ સિધાયે
વેકુંઠ જાકો વાસ મેરો, એ અભિલાષ મોરાર. મેરો. ૧૩
॥ ૩૧ ॥



રાગ. લાવી છું આજ રાજા એક વધાઇ સારી એ રાહ.

દાન સદ્ પાત્રે કર્યું, હસ્તનું ઘરેણું છે,
નમ્યા ગુરૂદેવને તે, મસ્તકનું ઘરેણું છે. દાન ટેક.
સદા સત્ય બોલતા તે, આનનનું ઘરેણું છે,
સ્વચ્છ દીલ રાખતાતે, હૃદયનું ઘરેણું છે. દાન. ૧
દયા દીન શ્યામ કહે, શ્રેષ્ટ એ ઘરેણું છે,
પ્રજા પર પ્રેમ પ્યાર, નિતીનું ઘરેણું છે. દાન. ૨
મળ્યો ઇલકાબ તે તો, તખ્તનું ઘરેણું છે,
વફાદાર સામ્રાજ્ય, બ્રિટિશનું ઘરેણું છે. દાન. ૩
પ્રભુ જ્ઞાન પામીયાતે, શાસ્ત્રનું ઘરેણું છે,
સુર્ય સ્વર્ગે સિધાવ્યા, મોક્ષનું ઘરેણું છે. દાન. ૪

॥ ૩૨ ॥

કવિત.

મદન મરોરિ નિજ, હુકમ મનાયો તેને
ક્રોધકો નિકારી લોભ મોહકો હરાયો હે;
મદકો ભજાય ખટ સંપત્તી સજાયતેક
બિવેક બૈરા ગયું. સુમુક્ષતા બસાયો હે;
રાજ નિતિ ધાય ધાય લિપટ રહીતી અંગ
યાતેં કલિકાલહુમેં જનક કહાયો હે;
રામ સો જમાયો રાજ પાટડી નરેંદ્ર સુજા.
પાટડીકો આજ તેંને. અયોધ્યા બનાયો હે; ॥ ૧ ॥

દોહો.

યન્દ નદી ક્યારી કરી, રસકો સલિલ બહાઉં
કિતીં કવિતા બેલીસોં અલંકાર ફુલ લાઉં; ૨
એહી બગીચે બીચમેં, સ્યામ માલિ બનજાઉં
અબ ઉ ઇદ મન ઽં રહીં સૂરજ કહું રિઝાઉં; ૩ ૩

કવિત.

પિતાજીકો પુન્યદાન, ઉત્તર ક્રિયાકો કાજ
જગન સમાન રાજ રીતસે કરાયે હે;
મોદક. મહા પ્રસાદ. મગજ રૂમાલ નિકે
વિવિધ પ્રકાર અન્ન, ભોજહી બનાયે હે;

મેદની ભઇહે ઠ્ઠ, બીસહી હજાર આય
આદરહી અષ્ટ દિન ત્રપત બનાયે હે;
કહે કવિ સ્યામ ત્યોંહી દસેં દિગપાલ તક
દોલતેશ તેરો યશ અચચલ છવાયે હે ૪

મરહુમ શ્રી હજુર હયાતી.... પ્રસંશા કાવ્ય

કવિત.

વસુ બાન ખંડ શશિ, સવતમેં ધારા ધર
૮ ૫ ૯ ૧
પૂરન પર્યોન યાતેં, બડપન બિચાર્યો તેં;
વાવ કુપ સરવર, ખુદાયે ખુબ ખર્ચ કરી
પંથિ પનિહારનકે દુઃખકોં નિવાર્યો તેં;
દુઃખી નીજ રૈયતકોં આશ્ર અચલ દે કેં.
સુરેશ સમાન સુર્ય, સંકટ બિડાર્યો તેં;
સ્યામ ના ડુલાયો ચિત્ત અન્ય હિત કીયેમેં સુ
કીનો પરમાર્થ પર, સ્વારથ સુધાર્યો તેં; ૫

મરહુમ હજુર શ્રીનું નિત્ય નેમ.

કવિત.

પ્રાત ઊઠ નાઇ મન, ધરી હરિ મંદિરમેં.
પ્રેમ પદ ગાયકેં. જગાવે વૃજ ચંદ્રકોં;

નેહસે નવાઇ તન બસન બનાઇ નીકે
ભુષન રચાઇ ધરે. સુમ અરવિંદ કોં;
શ્યામ કહે વિવિધસુ ભોગ નુગતાપઇ બીરા
તાંબુલ બનાઇ નિત્ય કરતેં અનંદકોં;
જ્યોંહી અંજનિકો સુત આયસુ ઉઠાવે રામ
પદ્મ પાવ ભાવ એસો રવિ મદરંદ કોં; ૬

શ્રાવણ માસ કે હીંડોર.
કવિત.

બેલિ છિતિ છાઇ તાકી, બિથિન બનાકે નિલી;
નિલે નિલે અંબ ઓર, કદંબ લગાયે હે
નિલે નિલે નિલમકે, થંભ તો બને હે નિકે
નિલમકી દાંડી ઓર, મરૂવા જડાયે હે
નિલમ કે પલનાકોં, ઝાલરેં લગિ હે નિલી
નિલે નિલે પંખા ઓર, મોંર છલ લાયે હે
શ્યામ નિલી રોશનીમેં, નિલોહી હિંડોરો સાજ
સુજા, મહારાજ આજ, ત્રિભંગી ઝુલાયે હે. ૭

દિસેં ઘુતિ દિપનકી, દિવસ દિવારી માનું
વામેં હાંડી પીલ ચોસ, તખતા સોહાતે હે
એસેં સુર ભોંન તામેં, ત્રિભંગી બિરાજમાન
ભકતન કો વૃંદ ઓર, પાની ગુન ગાતે હે

સ્યામ ગિરી રાજચા કે, દર્શન કે કાજ જનો
ઘરસોં ભરી ઉમંગ, દોરી દોરી જાતે હે
વિવિધ પ્રકાન તેં, સુજા મહારાજ આજ
હોત ચિત આનંદયુ, કૃષ્નકોં ઝુલાતે હે. ૯

શ્રાવણ માસકે હીંડોર.

કવિત.

બંશીધર બદનકી, અનૂપ છબિ આજ પેખી,
પૂર્નિમા પ્રકાસ્યો ચંદ, એસેં રૂપ વારે હે,
રચના રૂચિર તામેં, પિત પટ સોહત હે,
ગલે મનિ માલ કર્ન, કુંડલ સુધારે હે.
પાઘન કે પેચ માંહી, તુર્રા ઝુકાયે બેશ,
સુરસીંહ એમ ધરી, નુપૂર સજારે હે.
સુવર્ન હિંડોરો ચારૂં, તામેં રાજે નંદલાલ
સ્યામ કહે સતત, ઝુલાવત નિહારે હે. ૧૦

કવિત.

મિલી દશ બાર બાલ, સજકે સિંગાર શિર
સુવર્ન કલસ ધરી, નીર ભર જાત હે.
ઓલીતામેં બાલ એક, બિલોકો સખી રીસમ
મંદિર નરેશ દીસી, તડિતા જનાત હે.

ચંચલ સો બોલી ઘન, સ્યામ કોં ઝુલાવે ભૂપ
આય જાય કરેં ચારૂં, દાંડી ચમકાત હૈ.
મૂગટ મેં મનિ અરૂ, તેજ હે મુખારવિંદ
દારા તેરે દ્રગન તેં, દામનિ દિખાત હૈ. ૧૦

કવિત

પ્રજા પુંજ પંકજ કો, પાલન હમેશ બેશ
પાટરી નરેંદ્ર મેં પરેખ્યો, પ્રભાકરશો
દીન જન દાદર કો, સાદર અનંદ દેન
ધર્મ વ્રત ધારી મેં, નિહાર્યો અંબુ ધરશો
નિકટ નિવાસી આસિ, પૂર્ન અભિલાષ લાખ
કહે ધન્ય દાન યોં, નરેંદ્ર ઇંદ્ર તરસો
શુભ જશ ધારી સુર, સીંહ નર નાહુ સત્ય
સુ કવિ મરાલ કો, મનોગ્ય માન સરસો. ૧૧

કવિત

પુરત હજારેં ગુન, વારેં કે મનોરથ કોં
સંસકૃત પ્રાકૃત કે, સિંધુ સીલ તેસકો
રાધિકા રમણ જુકે, પગન સરોજ પર
મગન મધુપ ભૂપ, સુક્રત વિશેષ કો
ભનત કવેશ અભિ, માનાં રાજવટ જાકી,
કિરતી ચહુંધા ચલી, જાકી દેશ દેશકો

વાંચવો કવિત્ત વિત, સાંચવો બહોર ખૂબ,
જાચવો જરૂર આજ, સુરજ નરેશકાં. ૧૨

કવિત.

બિમલ બિવેક દેગ, દેગ દાહુ બાતનમેં
સત્ય વર્ત ધર્મ સુર, રૈયતકી સારમેં
જુલમ નિવારે રાજ, નિત ધારે આઠું જામ
અચ્ચલ અડોલ સદા, ઇષ્ટ કે આચારમેં.
કવિ કહે જોરાવર, નંદ કુલ કંજ ભાન
ભર્ત ખંડકી ભલાઇ, છાઇ ભુજ ભારમેં
બિર રવિ માલ યા બિસાલ કલિ કાલ બીચ
દ્વાપરકી રીત દેખી, તેરે દરબારમેં. ૧૩

કવિત.

ક્ષમા ધીરતાઇ દાન, આગ્યા હે અડોલ તાઇ
પરાક્રમ પુર લખે, કલુકે જમાનેમેં
પંચ ગુન પ્રજા તેં અધિક હોય ભૂપતિમેં
જોર નંદ તેરે અંગ, નકીહી પ્રમાનેમેં
સ્યામ કવિ કહે પતિ, પાટરી પ્રસિદ્ધ દીસેં
યામેં કછુ ફેર નાંહિ, સાચે તુક સાનેમેં
સર્વ ગુનવાન સત્યવાન દે મહાનદાન
સુજાકે સમાન કોંન ? દુજા હિંદવાનેમેં. ૧૪

સંવત ૧૯૬૨ ના વૈશાક શુદ ૬ ના રોજ વિદ્યા વિલાષી મરહુમ દરબારશ્રીએ ઇંગ્રેજી સ્કુલની સ્થાપના કરી તે પ્રસંગની કવિતા.

પ્રથમ—બાળકોની—સરસ્વતી પ્રત્યે સ્તુતિ.

રાગ. જય જય નિરગુ અવિનાશી–તું જગ સચરાચરનો કરતા.

તું બ્રહ્મા તનિયાછું સતિ, સહુ બાળકને અતિ દે સુમતિ.

સ્થાપિત શાળા કરિ હુલાશ
વિશેષ કરજે રસના વાસ
એવી અમને તારી આસ
દે સુખ સંપત્તી સરસ્વતી. તુ બ્રહ્મા. ૧
જનક સુર્યમલ જે રાજન
કાર્ય આદર્યુ દઇ તન ધન
ભાવ ધરી આ સરવે સુજન
બાળ ભણો ઇંગ્રેજી અતિ. તું બ્રહ્મા. ૨

રાગ. ॥ રાજ્ય સભા. ॥ લાગી લાગી પ્રભુમાં વૃત્તી લાગી

હો. જાણો તેને પરમ મુની ત્યાગી એ રાહ.

આજે મંડલ માંહી બિરાજેરે;

રવિમલ પરમજસ લેવા. હાંહાંરે રવિમલ એ ટેક.

શોમ સુદી ખટ વૈશાક માસે સ્થાપન શાળા કરી હુલાશે.

શુભ ઓગણી બાસઠ સાલેરે, શરૂઆત વિદ્યાદાન દેવા. આજે.૧

ધાર્યું કાજ તે જલ્દી સીધ્યું, નામ અચલ આ જુગમાં કીધું.

આવા શુભ પ્રસંગમાં પધારીરે, પોતે લે છે પરિશ્રમ કેવા. આજે.૨

ભાગ સરસ ભાયાતે લીધો, સદ્‌ગૃહસ્થોનો ટેકો જ સિધ્યો

તેથી વિદ્યા સુધારસ પીનેરે, કરો રાજ્ય ભક્તિ સુખ રેવા. આજે.૩

મંગળ મંગળ મંગળ આજે, સુરત મંગળ બાળ બિરાજે

સૌ દોલતજય જય બોલીરે, સુર્યમાન આપી કરો શેવા. આજે.

૧૬

સંવત ૧૯૬૯ ના ફાગણ સુદ ૨) સોમવારે નામદાર મરહુમ દરબાર શ્રીએ બાળકોને સ્વચ્છ હવાના માટે પાકી ઇમારતની ઇંગ્રેજી સ્કુલ ઉગમણા દરવાજા બહાર કરાવી તેને અમદાવાદ જીલ્લાના મહેરબાન એજયુકેશનલ ઇન્સપેકટર એશકવાયર મે. લોરી સાહેબ હસ્તક ખુલ્લી મુકાવી તે પ્રસંગની પ્રસંસા યુક્ત કવિતા.

ઇશ્વર સ્તુતી.

ઇંગ્રેજી રાહ

વંદન પ્રભુ નિસદીન કરીયે ॥ ૨ ॥
ગુરૂ પાસે વિદ્યા ગુણ લઇને
અંતરમાં ધરીએ એ. એ......... વંદન. ૧
તું દાતા દે ત્રિભુવન ત્રાતા.
સુજસ સિંધુ ભરીએ. એ......... વંદન. ૨
આપ કૃપાથી. એમ. એ થઇને
રાજ્ય હિત કરીએ. એ......... વંદન. ૩
બાળ કહે સદ્દબુદ્ધિ આપો
નિતિથી અનુસરીએ. એ......... વંદન. ૪
॥ ૧૭ ॥

રાજ્ય ભકત સ્કોલરો ક્ષત્રીકલંક

આજે ઇંગ્લીસ શાળા દેખાવ. જોઈ અમારૂં મનડું રાજીરે.
નિર્મળ નૃપતણો શુભ ભાવ. ”
આતો આલય ઇંદ્ર ભોવન ”
માંહી બીરાજે સારદા સુતન ”
અમો લેશું વિદ્યાનો લાવ ”
દેવી કે છે બાળક સૌઆવ. ”
ભલે પધાર્યા નૃપ આ ભુવન ”
સાથે દોલુભા પ્રફુલિત મન ”
વડો કેળવણી ખાતે અધિકાર ”

આવ્યા લોરી સાહેબ હુશિયાર ,,
ભલે પધાર્યા ભાઇ શાથ સાથ. ,,
શેઠ શાહુકાર સરવે સોહાત, ,,
ધન્ય ધન્ય નારાયણ નામ, ,,
પરમાર્થમાં પ્રયાસ સુદામ ,,
વળી મગન મગન રહીરોજ ,,
મહીં માણેક દિપાવેસહીઓજ ,,
વળી લલ્લુ ભાઇએ ભલો લીધો ભાગ. ,,
લીધો રૈયતે'જ લાવ આઅથાગ ,,
એક બાલ ભાઈ બીજા શાહુકાર ,,
આવા કાજમાં મદદ કરનાર ,,
ગુરૂ ત્રિભોવન નામ જેનું નેક ,,
દેવું વિદ્યાદાન એવી જેની ટેક ,,
આતો મેળાવડો મંગળિક આજ ,,
સદા કરો નૃપતિ આવાં કાજ ,,
અમો પ્રભુ પાસે માગીએ ખચીત ,,
દેજો દોલુભાને પુત્ર અજીત ,,


॥ ૧૮ ।

ગીતી.

આણુ ખટં ગ્રહ શશિમાં, ફાલ્ગુન દ્વિતીયા શુક્લ પક્ષ શોભે.
૫ ૬ ૯ ૧
સાહેબ લોરી હસ્તે, ઇંગ્લીશ શાળા ખોલી ખંત ધરીને.
॥ ૧૯ ॥

શ્રીસૂરજમલસીંહજી ધન્ય ધન્ય આજ ધન્ય સઉકે છે
જય જય જય જય થાઓ, આશિષ પુષ્પો બાળ સહુ દે છે.
॥ ૨૦ ॥





શ્રી

તખ્તસિંન ત્વારીખ

અખંડ પ્રૌઢ પ્રતાપી નેક નામદાર દરબાર શ્રી દોલતસિંહજી યશોગાન.

દોહા ૧

સંવત ગૃહ ખટ ગૃહ શશિ, શ્રાવન મંગલવાર,
૯ ૬ ૯ ૧
શુકલ પક્ષ ત્રતિયા દિને, તખ્તસિન તહેવાર.

(૨)

શુભ મહૂત સંભારકે, આય ચાંદલો કીન,
દેવપૂરી હર્ખિત ભયે, શોભા દેખ નવિન.

(૩)

તપસીગરકે તખતકે, ગિરી નામ હનમંત,
વાસ ગોરૈયા, ચાંદલો, કિયો ધરીકે ખંત.

(૪)

તિલક કરત અતિ પ્રેમસેં, નામ ગોર રનછોર,
મિલી અતીસે મેદની, બોલે જય જય ઘોર.

(૫)

ઇસ્વીશનકે અંકહે, ભુવન શશિ ગૃહ ભાનુ,
૩ ૧ ૯ ૧
મંગલ માસ અગષ્ટ હેં, તારીખ પંચ પિછાનુ.

(૬)

પોલીટીકલ એજંટહી, મેજર હેરોલ્ડ આય,
દીવ્ય ભરી દરબારકોં, તખ્તાસિંન બેઠાય.

(૭)

ભાષન કીનો ભાવસેં, પ્રાચિનકો ઇતિહાસ,
રાજવંશ સોરાષ્ટમેં, શ્રી દેશાઇ હે ખાસ.

(૮)

આગેંહી વૃજપાલને, ઉંઝા ગામ બસાય,
લિખ્યો લેખ ઇતિહાસમેં, સો સાહેબ દરસાય.

(૯)

રાજકોટ કૉલેજમેં, સોના માંહી લિખાય,
ચાંદ મિલ્યો શુભ બ્યાલકો, સો સાહેબ દરસાય.
ચોખ્ખો વહીવટ રાજકો, ગયે કરીકેં રાય
એસેં આપ ઉદાર હો, સો સાહેબ દરસાય

॥ ૧૦ ॥

કવિત.

પાટડીમેં ફેલ રહી, ધામધુમ ખુબ માનો,
રાજ્યાભિશેક ભયો, આજેં અવધેશકો;
પધારે કુમાર છત્ર, ધાર રાજદ્વાર હુસેં,
સુકન મિલ્યો હે ત્યાં, કુમારી બાલા બેશકો.

એજંટ પોલીટીકાલ, મેજર હેરોલ્ડ હાલ.
આયે તખ્તાસિંન, બિઠાયે દાલ તેશકો;
વફાદાર રૈયતકે, ભાગ્યકો ઉદય ભયો,
સ્યામ હુ કે વંશકોં, નિભાવેંગે હુમેશકો.

॥ ૧૧ ॥

રાજ્યકવિ આશિષ

આપ જબ તખ્તપર, બખ્ત બિલંદ રહો,
નેકી ઈન્સાફ વખ્ત, હરદમ કરે રહો;
કહે કવિ સ્યામ યોં, સુમેર સમ માપ તેરો,
યાચકકોં બેર બેર, નિધા બરખે રહો.
ભાખત જહાન સારી, દેગે દગ ધારી તુમ,
અવિચલ ઉદારી ગાદી, ઉજલ ઘને રહો:
પાટડી નગર તપ, તેજ સિયા રામજીકો,
યુવરાજ તોલુ દાલુ, કાયમ બને રહો.

॥ ૧૨ ॥

(૧૩)

ચાતુરતા પુનિ ચંચલા, સુજસ સુત સનમાન,
દીજે દાલત સિંહકો, કૃપા સિંધુ ભગવાન;

શ્રી

શાર્દુલ વિક્રીડિતમ

દીર્ઘાયુ દાલત સિંહ યશધરી, રહેજો સદા ઉમંગમાં,
સત પ્રેમી માન વિવેક વધજો, સામ્રાજ્ય ફરસંગમાં.

પુરા ધર્મિ થઈ સુપાટ પુરમાં, પ્રેમે પ્રજા પાળજો,
શ્રી જ્યોર્જ કૃપા તણાં મીઠાંફળો, સદવરતી સંભાળજો;

યશોગાન

રાગ કલ્યાણ હરહર આપ હરસ પામી થયાં-એરાહ.

શ્રી જય જય દોલત વિજય વિશ્વ વ્યાપો શ્રી પતિ.
મંગલ ચાહું નાઇ માથ, તખ્ત કોટી વર્ષ આપ
રિદ્ધિ સિદ્ધિ આપો નાથ. વિશ્વ વ્યાપો શ્રી પતિજ ૧
પામર હું શું કરૂં વખાણ. હ્રદય ભાણ આપજાણ.
આશ્રીત તારો છું હું અજાણ, વિશ્વ વ્યાપો શ્રી પતિ. ૨
સ્યામ ઘન સ્યામ તાત, વંશવેલી વૃદ્ધિ પ્રતાપ
ઇચ્છા એવી જપું જાપ. વિશ્વ વ્યાપો શ્રી પતિ જય. ૩

---

(૧૫)

રાગ કહાનરો નંદ કુવર દેખો નીઠુર ઠગારો-એ.

આજ તખતપેં ભુપ પધારી,
ખુશ કીયે હે નગર નરનારી આજ ૧
નિસદિન ચિતમેં, નિતિ રહત હે
પ્રીતી રહત હે પુન્યમેં ભારી આજ ૨
દેખે પ્રતાપી દોલત સિંહજી
એહી કૃપા હે કુંજ બિહારી આજ ૩
સ્યામ સદા યહ આશિષ આપે
શશિ ભાનુ તક આપ સુખારી આજ ૪
॥ ૧૬ ॥

નામદાર હજુરશ્રીને ફર્સ્ટ કલાશ મેજીસ્ટ્રેટનો પાવર મળ્યો તે વખતે પાટડી, વીરમગામ, અમદાવાદ તા. ૨૭–૧–૧૯૧૨ સ્વજ્ઞાતિ તથા અન્ય જ્ઞાતિ તરફથી મળેલાં માનપત્રો વખતે ગવાએલ.

ગાયન.

રાગ સોરઠ રૂડા લાગો છો રાજેંદ્ર મંદીરે આવતાં રે એ રાહ.

આજે મંડપમાંહી બિરાજે, દોલતસીંહજી મહારાજ. ટેક.
મુળ પુરૂષથી અંબ બનાવું, ખાળીશમા ગણતરીમાં કાવું;
ઉંઝા ગામ વસાવ્યું જે વૃજપાલજી હે રાજ—આજે, ૧
વીરમગામમાં ગાદી અનાદી, બાદશાહી છે બક્ષીસ આદી,
કિલ્લા કોઠા નિશાની મોજુદ હાલ છે હે રાજ—આજે. ૨
માન્ય મતિ કીર્તીને પ્રસારી, પ્રભુ અમિરસ છબિ અતિ ન્યારી
જ્ઞાતિ સેવા પ્યારી નિસદિન હર્શથી હે રાજ—આજે. ૩
કેળવણીમાં મદદ કરો છો, હરદમ દીનનાં દુઃખ હરો છો,
ભંડાર જસના ભરો છો, લોકહિતારથ કરીને કાજ—આજે. ૪
વફાદાર છો ગવરમેન્યથી સત્તાધારી ચાહે પ્રેમથી,
સુભગ સબંધ ધરાવે બ્રીટીશ રાજ્યમાંહે રાજ—આજે. ૫
ન્યાયવંત બહાદુર ગણાયા, ફર્સ્ટકલાશનો પાવર પાયા,
જ્ઞાતી બંધુ પત્ર અભિવંદન ધરેહે રાજ—આજે. ૬
ખંડ ખંડ પ્રતિ સુજસ પ્રસારો, જ્ઞાતી ઉન્નતી સદાચીત ધારો
શ્યામ કવિ હે મોરારી વિઘનો દુર કરી હે રાજ—આજે. ૭
॥ ૧૭ ॥

મનહર.

તખ્તાસિંન થયા જ્યારે નૃપત દોલતસીંહ,
ધર્યું છત્ર છટા થકી, અતિહી હુલાસમાં,
લક્ષદાન કવિયોને દીધાં અતિ પ્રેમ ધરી;
દીવાન પોષાક વળી, હજુરી જે ખાસમાં.
ઇન્દ્રાદીકચારી માંહિં, અતિ ઉછરંગ થયો,
સુર્ય સીંહે જાણ્યું પુત્ર પ્રેમતણા પાસમાં,
સ્વર્ગ તણા દેવ સાથે અમ્રતની વૃષ્ટી કરી,
અરૂણોઉદય મીસ પ્રકાશી આભાસમાં.

॥ ૧૮ ॥



પાટડીના નેક નામદાર દરબારશ્રી દોલતસીંહજીને ગાદીએ બેસાડવાની ક્રીયા.

જુલાઇ સને ૧૯૧૩ ની. ૨૪ મી તારીખ અને ગુરૂવારે પાટડી સ્ટેટના માનવંતા નામદાર દરબારશ્રી સુર્યમલજી સાહેબ. સ્વર્ગ વાસી થતાં તેઓશ્રીની ગાદીએ તેમના કુમારશ્રી દોલતસીંહજી સાહેબની તખ્તાસીનની ક્રીયા ઝાલાવાડ પ્રાંતના મહેરબાન પોલીટીકલ એજંટ મેજર હેરોલ્ડ સાહેબના હસ્તે કરવામાં આવી હતી દરબાર હોલ ને સુશોભિત રીતે શણગારવામાં આવ્યો હતો. અને બપોરના ત્રણ વાગતાં દરબાર ભરવામાં આવ્યો જેમાં રાજ વંશીઓ, ભાયાતો, સરકારી અમલદારો અન્ય દેશી રજવાડાના પ્રતિનિધીઓ કડવા પાટીદાર જ્ઞાતીના અગ્રેસરો તથા ગામના અન્ય પ્રતિષ્ઠિત સદગૃહસ્થોએ હાજરી આપી હતી સભા મંડપના ઉચ્ચસ્થાને મહેરબાન હેરોલ્ડ સાહેબ તથા નામદાર કુમારશ્રી બીરાજ્યા હતા. શરૂઆતમાં મહેરબાન હેરોલ્ડ સાહેબે ઉભા થઇ નીચેનું ભાષણ વાંચી સંભળાવ્યું હતું.

મે. પોલીટીકલ એજંટનું ભાષણ

(ઇંગ્રેજી ઉપરથી ગુજરાતી.)

દેશાઇશ્રી દોલતસીંહજી રાજવંશીઓ અને સદ્ ગૃહસ્થો નામદાર સરકારના હુકમ પ્રમાણે પાટડીની ગાદીએ આપને બેસાડવાને અને કાઠીયાવાડમાં ચોથા કલાસના રાજ્યની પુરેપુરી હકુમત અને સત્તા આપને આપવાને અહીં આવતાં અમને ઘણી મોટી ખુશાલી

થઇ છે પાટડી સ્ટેટની સ્થાપના ઘણા જુના વખતથી થએલી છે સ્થાપના કરનાર મુળ પુરૂષથી ચાંળીશમા વરજ પાળજીએ ઈ. સ. ૧૫૬ ની સાલના અરસામાં પોતા ની હકુમતનો વિસ્તાર કર્યો હતો સિદ્ધપુરની પાસે ઉંઝા ગામ વસાવ્યું હતું. કચ્છના રણને ફરતા પ્રદેશના ઇતિહાસની બનાવટમાં ભુતકાળમાં આપના પુર્વજોએ જુદે જુદે વખતે મુખ્ય ભાગ લીધો હતો. એવું આપણા જાણવામાં આવે છે ઉપર મુજબ હકીકત હોવાથી આપ એક નામાંકિત અને જુના વંશમાંથી ઉતરેલા છો. અને તે વંશની જુદી જુદી વ્યક્તિઓએ ગુજરાત અને કાઠીયાવાડમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. આપના વડીલ મરહુમ ચીફ દેશાઇશ્રી સુરજમલજી સને ૧૮૮૪ ની સાલમાં ગાદીએ બેઠા હતા. તે વખતે તેમની ઉમ્મર ૩૬ વરસની હતી તેઓ ગયા માસની તા. ૨૪ ના રોજ ૨૯ વરસ રાજ્ય કરી. ૬૫ વરસની ઉંમરે દેહ મુક્ત થયા છે આ બનાવથી તેમને ઓળખનારા. સર્વેને ઘણોજ શોક થયો છે. મરહુમે પોતાની પાછળ સરસ અને સંભાળથી કરેલા રાજ વહીવટનો ચકચકિત લેખ મુકયો છે. સને ૧૮૮૫ની સાલમાં તેમના અંગત ગુણની કદર તરીકે તેમને ચોથા કલાસના ચીફનો વિશેષ અખત્યાર આપવામાં આવ્યો હતો. સને ૧૮૯૬ ની સાલમાં પાટડી સ્ટેટનો દરજ્જો કાયમના માટે વધારી તેને સદરહુ કલાશમાં મુકવામાં આવ્યું છે. મરહુમના ડહાપણ અને બાહોશીવાળા રાજ્ય વહીવટથી સ્ટેટને ઘણો લાભ થયો છે. દરેક ખાતામાં સુધારો થયો છે. દવાખાનાંઓ સ્થાપવામાં આવ્યાં છે કેળવણીમાં સુધારો થયો છે. તળાવો અને કુવાઓ ખેતીવાડીની સુધારણા માટે ખોદાવવામાં આવ્યાં છે અને સ્ટેટના સાધનના પ્રમાણમાં એકંદર રીતે તેનો વિકાશ કરવામાં આવ્યો છે.

મરહુમ (ચીફ) નીં માયાળુ રીત માટે અને તેમની ખુલ્લા હાથની ઉદારતાને માટે તેમને આખા કાઠીયાવાડ અને ગુજરાતમાં ઘટીત રીતે માન મળતું અને તેમણે પોતાના પરોપકારના કામોના ઘણા કિર્તી સ્થંભો પોતાની પાછળ મુક્યા છે તેઓ એક સીધા વરતનવાળા અને ઘટીત રીતે પ્રેમ સંપાદાન કરનાર રાજ્ય કરતા હતા. આવા પ્રકાશિત હૃદયવાળા અને ભલા રાજ્ય કરતાની પછી ગાદીએ દેશાઇશ્રી દોલતસીંહજી આપે બેશવાનું છે. આપને રાજકુમાર કોલેજમાં સંભાળ પુરવક કેળવવામાં આવ્યા છે અને ત્યાંથી સદ વરતન માટે આપને સોનાનો ચાંદ મળ્યો. વિશેષમાં આપે આપના વડીલશ્રીની માર્ગ દર્શક દ્રષ્ટી નીચે સ્ટેટના વહીવટમાં ભાગ લીધો છે. આપની ઉંમર હાલ ૩૨ વરસની છે અને જે જવાબદારી વાળી ફરજો આપ હમણાં માથે લેવાના છો તેથી સારી રીતે વાકેફ છો આપને ઘણા મહત્વના ધર્મ બજાવવાના છે આપેં આપના માનનીય પીતાશ્રીને પગલે, પગલે ચાલવાનો પ્રયત્ન કરવો જે ઉત્તમ વહીવટ આપને તેઓ આપી ગયા છે તે કાયમ રાખવો. અને જે સુધારા તેમના હાથ પર તથા ધારણામાં હતા. તે પુરા કરવા એ સલાહ અમે આપી શકીએ તેમાં ઉત્તમ સલાહ છે. વિશેષમાં આપના રાજ્ય વહીવટને પ્રમાણીક અને નિર્મળ રાખવાનો સતત્ પ્રયત્ન કરવાનું અને ન્યાયથી રાજ્ય કરી આપની પ્રજાનો પ્રેમ મેળવવાનું વિશેષ કરીને ધ્યાનમાં રાખશો હવે અમે અંતે ઇચ્છીએ છીએ કે પાટડી સ્ટેટના ચીફ તરીકેની આપની અધિકારની કાર કીરદી લાંબી, સુખમય અને યશસ્વી નિવડો.

નામદાર દરબાર શ્રીએ આપેલો જવાબ.

(ઇંગ્રેજી ઉપરથી ગુજરાતી).

મેહેરબાન મેજર હેરોલ્ડ સાહેબ અને મલેકશ્રી જેનખાનજી અને સદ ગૃહસ્થો મારા વડીલોની ગાદી ઉપર મને ગાદી નસીન કરવાને મેજર હેરોલ્ડ આપ સાહેબે જાતે ભારે તકલિફ લઇને તથા અગવડ વેઠીને અત્રે તમે પધારી જે માન આપ્યું છે તેને માટે મેજર હેરોલ્ડ હું આપ સાહેબનો અંતઃકરણ પુર્વક આભાર માનું છું. આ રાજ્યાભિષેક પ્રસંગે આપ સર્વે સદ ગૃહસ્થો તકલીફ લઇ અત્રે પધાર્યા છો એ માટે આપ સરવેનો પણ હું આભાર માનું છું. પ્રથમ આ પ્રસંગનો લાભ લઇ નામદાર મહા કૃપાળુ હિંદુસ્તાનના શેહેનશાહ તથા તેમના તાજ્ય પ્રત્યે મારી સંપૂર્ણ વફાદારી તથા રાજ્ય ભક્તિ હું જાહેર કરૂં છું મેજર હેરોલ્ડ આપ સાહેબ હમણાં જે ભાષણ આપ્યું. તે મેં ઘણા લક્ષ્ય અને ઉત્સાહ પૂર્વક સાંભળ્યું છે અને તેનાથી મારા મન ઉપર ઉંડી અને કાયમની છાપ પડી છે. સાહેબ મારા મરહુમ માનવંતા પિતા નિર્દય કાળચક્રના યોગે પોતાની ઉપયોગી અને પરોપકારી રાજ્ય કારકિર્દી દરમિયાન એકા એક અમારી પાસેથી હમેશના માટે ચાલ્યા ગયા છે અને તેથી અમો દિલગીરી અને દુ;ખથી ગમગીન થયા છીએ અને આવા મારા તેમના શોચનીય દુઃખ પ્રસંગે નામદાર સરકાર અને તેમના પ્રતિનિધીઓએ જે દીલસોજી મારા તરફ બતાવી છે એના માટે આ પ્રસંગે હું તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. મારા કુટુંબના પ્રાચીન ઇતિહાસ તથા મારા વડીલો એ ગુજરાત તથા કાઠી-

યાવાડની ત્વારીખના અંગે જે આગેવાની ભરેલો ભાગ લીધેલો છે તે તરફ આપે જે ઈશારો કર્યો છે તેથી મારૂં મન પોરસાય છે. આપે આપના ભાષણમાં જે વંશને પ્રખ્યાત અને પુરાતની જણાવ્યો છે. તેવા વંશનો હું એક છું તેમને મગરૂર થવાનું કારણ છે મારા મરહુમ પીતાશ્રીનાં ઉજ્વળ સદ વરતનો તથા રાજ્ય વહીવટમાં દ્રસ્યમાન થતા અને કદર દાન શબ્દોમાં આપે વર્ણવેલા તેમના બુદ્ધિ, મન, અને અંતઃકરણના ગુણોનું આપના ભાષણમાં જે કથન કરવામાં આવ્યું છે તે માટે આપ સાહેબનો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે મારા પીતાશ્રીની પવિત્ર યાદગીરી તરફ આપે જે ઈશારો કર્યો છે. તેથી તથા તેમના પવિત્ર અને કાબેલ રાજ્ય વહીવટ તથા રાજ્યમાં કરેલા સુધારા અને તેમના માયાળુ અને પરોપકારી સ્વભાવ માટે જે સ્તુતિ કરી છે. તથી મારૂં મન દ્રવિત થયું છે. મારી કોલેજની કારકિર્તિ સંબંધી આપે કથન કર્યું છે. તેથી રાજકુમાર કોલેજમાં આનંદના જે દિવસો નિર્ગમન કરેલા છે તે યાદ આવે છે. અને મારી કેળવણીની સબંધી મારા પ્રત્યે મમતા તથા પ્રેમ પૂર્વક હીત ધરાવી મારા મનમાં ઉંચ સિદ્ધાંતો ઠરાવી પ્રીન્સપાલ. મરહુમ મી. ચેસ્ટર મેકનોટન તથા મી. બોડિંગટન સાહેબોએ મારા વરતન ઉપર ઉંચા પ્રકારની છાપ પાડી છે એ માટે તેમનો હું ઘણો આભારી છું. આપ સાહેબે જણાવ્યું છે એ પ્રમાણે મારા પીતાએ મને પોતાના રાજ્ય વહીવટ માં સામેલ રાખ્યો હતો. અને તેથી તેમની દેખરેખ નીચે કામ કરવાથી રાજ્ય વહીવટનાં જુદાં જુદાં ખાતાંઓની મને માહીતી મળી છે અને તેના પરીણામે હવે રાજ્યવહીવટનું કામ હું સરળાતાથી કરી શકીશ એમ આશા રાખું છું. હવે હું જે હોદો તથા રાજ્ય વહીવ-

ટ ધારણ કરૂં છું તે મહાન છે અને જેના અંગે આપે કહ્યું તે પ્રમાણે મારી જવાબદારીઓ ભારે રહેલી છે તે વાત હું સારી રીતે સમજું છું અને આ બાબતમાં આપે મને જે કીંમતિ સલાહ આપી છે તે બાબત હું આપનો ઘણો ઉપકાર માનું છું. સાહેબ હું આપને ખાત્રીથી જણાવું છું કે મારાં કુટુંબની ઉત્તમ ચાલતી આવેલી પ્રથાઓ તથા મારા પિતાશ્રીના ઉત્તમ દ્રષ્ટાંતનું અનુકરણ કરીને તથા તેમના ઉત્તમ રાજ વહીવટને ચાલુ રાખીને તથા આગળ વધતા જમાનાને અનુસરતા અને રાજ્યની દ્રવ્ય સ્થિતિ ઉપર બની શકે એવા સુધારા કરીને મારા પીતાશ્રી તરફથી જે શ્રેષ્ટ પણ જવાબદારી ભરેલો વારસો મને મળ્યો છે તેને લાયક થવાને હું બનતા પ્રયત્ન કરીશ.

મારા રાજ્યમાં ન્યાય અને નિયમિત પણું પ્રવરતનું રહે તથા મારો રાજ્ય વહીવટ શુદ્ધ અને પ્રમાણીક રહે તેવું કરવાને હું સતત્ ઇચ્છા રાખીશ અને પ્રયત્ન કર્યા કરીશ. મારી પ્રજાની હાજતો જાણી તેને પુરી પાડવાના ઉપાયો યોજવા તથા તેમને સુખી કરવા હું હમેશાં ઇચ્છા રાખીશ અને તેઓ મારા પ્રત્યે પ્રીતી તથા વિશ્વાસ રાખે તેવી રીતે મારો રાજ્ય વહીવટ ચલાવીશ. મારી પ્રજાનું સુખ અને સંતોષ એજ મારા કામનો ઉત્તમ બદલો છે એમ હું માનીશ મારા પીતાશ્રીના વિશ્વાસુ અને નિમકહલાલ કામદારો મી. મગનલાલ રણછોડદાસ પટેલ તથા મી. માણેકલાલ ચીમનલાલ પટેલ મારા મુખ્ય અને નાયબ કારભારી છે તેથી મને હું સુખી માનું છું એમ મારે જણાવવું જોઇએ અને તેમની મદદ તથા સહાયથી સારી રીતે રાજ્ય વહીવટ હું કરી શકીશ એમ આશા રાખું છું આપ સાહેબે જે ઉત્તમ અને ઘણી કીંમતી સલાહ મને

આપી છે અને મારી ભવિષ્યની કારકિર્તી વિષે આપે જે શુભ ઈ-ચ્છાઓ બતાવી છે તે બાબત આપનો ઘણો ઉપકાર માનું છું છેવટ મહેરબાન મેજર હેરોલ્ડ સાહેબ આપ મારા ગાદી નશીન માટે શ્રમ લઈને પધાર્યા છો તે માટે આપનો ફરીથી હું ઉપકાર માનું છું.

નામદારશ્રીનું ભાષણ પુરૂં થતાં પ્રત્યેક સભાજનોએ ઉભા થઈ આશુભ પ્રસંગની મુબારક બાદી તેમને આપી હતી હાજર થએલા પૈકી દેશી રજવાડાના પ્રતિ નિધીઓ, ભાયાતો તથા અન્ય ગૃહસ્થો તરફથી મુબારક બાદીની ભેટો આપવામાં આવી હતી અને સભાજ-નોના હરસ વચ્ચે પાનસોપારી હારતોરા વહેંચાયા બાદ મેળાવડો વિસરજન થયો હતો.

इतिकल्याणमस्तु.



રાગ માઢ ॥ મારૂ ભાષામાં ॥

થેં લોકાં પાલણહાર, દોલુભા રેજો થારો રાજ,
રેજો થારો રાજ અચળ જગરે જો થારો રાજ.—થેં લોકાં.
બાંકો થારો રૂપ બદનકો, જ્યો બાંકો રતિરાજ,
બાંકી મુછાં લીંબુ ઠરતી. બાંકો હે શિર તાજ—દોલુભા. ૧
બાંકે ઘોડે આપ બિરાજો, બાંકી ચાલ બજાર,
થાને નિરખી લોક સરવરો હરખે હીયો અપાર—દોલુભા. ૨
ગુણીજન આહુક દાન દેવામાં હરદમ હેળહુકાર,
રાજ સરવમાં છત્રજમાનું, માન ભલો સરકાર—દોલુભા. ૩
સ્યામ કહે છે અંદા થાજી, થેં મારો સરદાર,
મેતો થારો ચારણ કાનું, કિરતી ચલાવણહાર—દોલુભા. ૪



ગાયન રાગદારી.

રાગ સામરેસેં મોરી કહિઓજી બાત—એ.

આરોગ્ય પ્યારે રહીઓજી આપ, (૨) ટેક

કૃષ્ણ કૃપાલુ કરહી કૃપા તુમ;
દુષ્ટ રિપુ કોં ડારેહી કાપ આરોગ્ય. ૧


જબહી પધારો આપ સભામેં,
ચંદ્ર નક્ષતપર તેજ અમાપ આરોગ્ય ૨

શ્યામ દરસ ભયે દોલુમાકે,
વાકે સબહી જાવેંજી પાપ. આરોગ્ય ૩

દોહા,

દોલતસોં શોભત દુની દુનીસેં નૃપ રવિનંદ,
શશિસોં શોભે સરવરી જ્યોં સરવરીસોં ચંદ. ૧

શ્રીજય ! જય ! ! જય ! ! !



અગાઉથી ગ્રાહક થનાર સાહેબોના

મુબારક નામો.

---

૫૧ અખંડ પ્રૌઢ પ્રતાપી નેક નામદાર દરબારશ્રી૭
દોલતસિંહજી સાહેબ બહાદુર સંસ્થાનશ્રી — પાટડી.

૫ મહારાજશ્રી ૧૦૮ શ્રી દેવપુરીજી — કડવાસણ ઝાડી.

૫ શ્રીમાન્ દરબારશ્રી રાયસીંહજી સાહેબ — વીરમગામ.

૫ રા. રા. દેશાઈ ચંદ્રસીંહજી જોરાવરસીંહજી — પાટડી.

„ „ ચુનીભાઈ રણછોડભાઈ — „

૨ „ પટેલ મગનલાલ રણછોડદાસ મુખ્ય કામદાર સાહેબ — પાટડી–સ્ટેટ.

૨ „ „ માણેકલાલ ચીમનલાલ ડેપ્યુટી કામદાર સાહેબ — „

૨ „ દાક્તર મણીલાલભાઈ ડીસ્પેનસરી — પાટડી.

૨ „ દેશાઈ જાલમસીંહજી કલાણસીંગજી — „

૨ „ ઝીણાભાઈ મગનલાલ — „

૨ „ „ ગુલાબસીંહજી વજેસીંગજી — „

૨ „ બાવાભાઈ દમુભાઈ — ૨

,, ,, રાયસીંહજી છોટાભાઈ ,,
,, ,, લલ્લુભાઈ ,,
,, ,, બળદેવભાઇ લાલજીભાઇ ,,
,, ,, ગોરધનભાઇ ,,
,, ,, કેશરીસીંગ ત્રીકમભાઇ ,,
,, ,, બળદેવભાઇ જીભાઇ ,,
,, ,, લલ્લુભાઇ બાવનજીભાઇ વડગાસ.
,, ,, અમરસીંગ લલુભાઇ ,,
,, ,, રાયસીંહજી ભુપતસીંગ ,,
,, ,, ઝીણાભાઈ કેશવલાલ ,,
,, ,, રાયસીંહજી રતુભાઇ પાટડી.
,, પારી. ઇશ્વરલાલ કાનદાસ બક્ષી ,,
,, દેશાઇ વ્રજલાલ દામોદરદાસ વહીવટદાર ગોરીઆ–મહાલ.
,, ,, શીવલાલ કાશીદાસ વહીવટદાર જરવલા–મહાલ.
,, જોશી ગીરધરલાલ ધનેશ્વર વહીવટદાર ખેરવા–મહાલ.
,, પારી રણછોડલાલ કાનદાસ વહીવટદાર ભોજવા.
,, ,, હરજીભાઇ કરશનદાસ વહીવટદાર કડવાસણ–મહાલ.
,, ,, દલપતભાઇ કીશોરદાસ વહીવટદાર
જેતાપર–મહાલ.
,, શુકલ કેશવલાલ છગનલાલ નીમતેદાર પાટડી.

૨	,,	ગણુપતરામ અભેરામ ત્રીઝોરર	,,
૨	,,	પટેલ અમૃતલાલ વહીવટદાર	ઉખલોડ.
૨	,,	હાજીભાઇ મરહુમ દરબારશ્રીના હજુરી	પાટડી.
૨	,,	દેશાઇ નાગજીભાઇ કોઠારી	,,
૨	,,	ચાવડા બાવલ હનુ હજુરી	,,
૨	,,	પારી નથાભાઇ દલસા	,,
૨	,,	શેઠ બાલભાઇ	,,
૨	,,	પટેલ નાગજીભાઇ	,,
૨	,,	શેઠ ગણેશભાઇ	,,
૨	,,	શેઠ કેશવજી હાંસરાજ	,,
૨	,,	પારી હાંસરાજ મોહનલાલ શુલી	,,
૨	,,	દેશાઇ છગનલાલ રણછોડભાઇ	,,
૨	,,	શેઠ વાડીલાલ કાળીદાસ	,,
૨	,,	શેઠ ખેમચંદભાઇ	,,
૨	,,	શેઠ ફકીરચંદ જીવરાજ	,,
૨	,,	અધ્યારૂ ગણુપતરામ કેશવલાલ	,,
૨	,,	છોટુભાઇ સાહેબ રેલવે લાઇન ઇન્સપેકટર	,,
૨	,,	દેશાઇ રામચંદ્ર જીભાઇ	,,
૨	,,	વઢવાણી મગન જેસીંગ	,,
૨	,,	પટેલ પબાભાઇ બાજી મુખી	કાંકરાવાળી.

૨	,,	ઠાકર સોમનાથ જીભાઇ પો. પટેલ.	કમીજલા.
૨	,,	કવિરાજ કનરાજ વેરાભાઇ	દેગામ.
૨	,,	પરમાર માનસંગભાઇ મુખી	સચાણા.
૨	,,	દેશાઈ ગોકળભાઇ.	,
૨	,,	દરબારશ્રી પુંજભા સાહેબ	વીરમગામ.
૨	,,	શેઠ ગોરધનભાઈ સાહેબ	,,
૨	,,	દેશાઇ વૃજલાલભાઈ	,,
૨	,,	,, હઉભાભાઇ	,,
૨	,,	ત્રવાડી ત્રીભોવન ચતુરભાઇ મેજીસ્ટ્રેટ કોરટ કારકુન	,,
૨	,,	ભાઇ પ્રભાતસીંગ કલ્યાણસંગ તલાટી	વીરમગામ.
૨	,,	,, પંડયા મગનલાલ માજીસ્ટ્રેટ કારકુન	પાટડી.
૨	,,	,, શેઠ પ્રેમચંદ કરસનભાઇવ હીવટદાર	ગોરીયાવડા.
૨	,,	,, પા. નથાભાઈ. બક્ષીદફતરના કારકુન	,,
૨	,,	,, ઉસ્માનભાઈ દાદુભાઇ. સબ પોલીસ ઇન્સ્પેકટર	પાટડી
૨	,,	,, શુકલ છોટાલાલ છગનલાલ પોલીસ, જમાદાર.	,,
૨	,,	,, મીર સાહેબ મીયાં પોલીસ હવાલદાર	,,
૨	,,	,, પઠાણ મજુખાંન જાફરખાંન જેલર.	,,

૨	,,	,,	મુખ્ખી. કલ્યાણસીંગ. લાલસીંગ રેવન્યુ જમાદાર	પાટડી.
૨	,,	,,	પારી મણીલાલ રણછોડદાસ બક્ષી.	,,
૨	,,	,,	હેડમાસ્તર ત્રીભોવનદાસ. ઈંગ્રેજી સ્કુલ.	,,
૨	,,	,,	પારી નથાભાઈ સોમનાથ.	,,
૨	,,	,,	ભાલદાર ગંભીરભાઇ	,,
૨	,,	,,	પટેલ દલપત ડોશાભાઇ મુખી.	ગોરીઆ.
૨	,,	,,	મહારાજશ્રી હનમાનગરજી	,,
૨	,,	,,	શંભુરામ હરજીવન	,,
૨	,,	,,	,, નરસી મોતીલાલ મતાદાર	,,
૨	,,	,,	,, હરીભાઇ ભલાભાઇ. મુખી.	સાવડા
૨	,,	,,	,, સાતાભાઇ ગંગારામ મુખી.	ખેરવા.
૨	,,	,,	,, રામસીંગ દેવાભાઇ મુખી.	કાલીઆણા.
૨	,,	,,	,, પથાભાઇ કુબેરભાઇ.	,,
૨	,,	,,	હવાલદાર પરસોતમ અજબસંગ	ગોરીયા.
૨	,,	,,	જમાદાર હઠીસંગ કલ્યાણસંગ.	પાટડી
૨	,,	,,	શેઠ ધનજી રૂપચંદ.	ગોરીઆ
૨	,,	,,	પટેલ વસરામ પીતાંબર મુખી	કુબેરપુરા.
૨	,,	,,	પારી મણીલાલ જીવાભાઈ.	પાટડી
૨	,,	,,	વાઘેલા વનાજીભાઇ	બામણવા.

૨	,,	,,	પટેલ જીવાભાઇ તળસીભાઇ	,,
૨	,,	,,	અમુલખ અશમાલભાઇ.	ભોજવા
૨	,,	,,	પરભુ ગંગારામ,	વડગાસ,
૨	,,	,,	બારોટ બેચરભાઇ જેઠાલાલ	વડોદરા
૨	,,	,,	મુરબ્બી રણછોડલાલ મુળજીભાઇ ગોર	પાટડી.
૨	,,	,,	,, ગઢવી ધુનાભાઇ ખેતસીભાઇ.	આદરીઆણા.
૨	,,	,,	હવાલદાર છગન બાવલ	કુબેરપુરા
૨	,,	,,	હજુરી ફુલજી	પાટડી.
૨	,,	,,	પટેલ વેલાભાઇ રામસીંગ	ડીઆસણ.
૨	,,	,,	બેચરભાઇ જેસીંગભાઇ	વણી,
૨	,,	,,	ખુરેશી મોતી બાપજી	પાટડી,
૨	,,	,,	કાજી અલીભાઇ સ્વાર.	,,
૨	,,	,,	પટેલ જુઠા ગોવીંદજી	ખેરવા.
૨	,,	,,	અમથાભાઇ હીરજી.	,,



॥ દુહા ॥

નામ રહંતાં ઠાકરો, નાણા નહીં રહંત;
કીર્તી હંદાં કોટડાં, પાડયાં નહીં પડંત.
કીર્તી ખ્યાહુત નરનકોં, દાતા સુર નિતિવાન;
સોમ અનીતી વાનકો, દેખત છોરત પ્રાન.

સદા
કૃપાભિલાષી
સ્યામ [ૐ] કાળીદાશ ગરમેરભાઇ ગઢવી,
રાજકવિ પાટડી સ્ટેટ.
નિવાસ ગોરૈયા (મોટા)